# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૩ • સળંગ અંક : ૧૯૨ • તા.૧૨ ફેબ્રુઆરી થી ૧૮ ફેબ્રુઆરી ૨૦૨૨



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.





# ડોંબિવલી સંઘમાં પ્રવજ્યા ગ્રહણ પ્રસંગે ૧૪ પાઠશાળાના બાળકો દ્વારા વિશેષ આયોજન

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)


જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.


**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com


**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# મિત્ર એટલે આપણા અસ્તિત્વનો અરીસો

ગયા રવિવારે ફ્રેન્ડશીપ ડે સૌ એ ઉજવ્યો. દર ઓગષ્ટ માસનો પ્રથમ રવિવારે ફ્રેન્ડશીપ ડે મનાવાય છે. નાના મોટા સ્કૂલ, કોલેજના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓમાં આ ડેનો ગાંડો ક્રેઝ છે. વિવિધ રંગોની પટ્ટી, રિબિન કે બેન્ડ બાંધી કે માર્કર ને સ્કેચપેનથી હાથ પર વિવિધ લખાણ લખી પોતાની અભિવ્યક્તિ દોસ્ત વ્યક્ત કરે છે. બોલીવુડ સેલિબ્રેટી હોય કે રાજકીય નેતાઓ. પોતાના મનની વાત હોઠ પર લાવી મિત્ર પ્રત્યેની લાગણી છતી કરે છે. આમાં ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામીન નેતાન્યાહુએ ફ્રેન્ડશીપ ડે દિવસ પોતાના ખાસ મ ખાસ યાર વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ટ્વીટ કરી મૈત્રી સંદેશ આપ્યો. જેના જવાબમાં વડાપ્રધાનએ હિબ્રુભાષામાં આભાર વ્યક્ત કરતો મેસેજ મોકલ્યો.

પશ્ચિમ સંસ્કૃતિ દરેક સંબંધને વર્ષનો એક દિવસ આપી તેનું સ્મરણ કરવાનો મોકો આપે છે. જ્યારે આપણા સંસ્કાર દરેક સંબંધને, નાતાને રોજે રોજે યાદ રાખી તેનો આદર માન જાળવવાનું કહે છે. પછી એ મા-બાપ હોય. ભાઈ-બહેન, ગુરૂ, મિત્ર હોય કે વડ, પીપળો, ચંદ્ર, સૂર્ય, જળ કે પછી ગાય, સર્પ, નાગ જેને આપણે ક્ષેત્રપાળ તરીકે પૂજીએ છીએ એ હોય. આપણી સાથે આપણા અસ્તિત્વમાં આત્મીય ધરાવતા આ એકે એક સંબંધો, પાત્રો કે જીવો પ્રત્યે આપણે માન આદર રાખીએ એમને પવિત્ર ગણીએ. પૂજનીય ગણીએ એવું શિક્ષણને સમજણ અપાય છે.

મિત્ર પણ એવો જે આત્મીય સંબંધ છે. જે આપણા મનની વાતનો પડઘો પાડતો રહે છે. સારો મિત્ર, સાચો મિત્ર આપણા શરીર આત્માને ઉપયોગી પોષણ આપવા સમાન કાર્ય કરે છે. ભગવાન કૃષ્ણ અને બાલ સખા સુદામાની મૈત્રીની વાત આપણો અને મિત્રનો સંબંધ કેવો હોય છે. એની વાત સમજાવે છે. એક ગુરૂ પાસે ભણેલા આ બાળમિત્રો વર્ષો પછી જ્યારે મળે છે. ત્યારે દ્વારિકાના રાજા અંકિચન બ્રાહ્મણ મિત્રની પરોણાગત કરે છે. એ જોઈ મહેલના ચાકરો પણ નવાઈ પામે છે. તને સાંભરે છે. મને કેમ વિસરે રે. આ કાવ્ય અગાઉ પાઠ્યક્રમમાં આવેલું છે.

મિત્ર માટે અમેરિકન વિચલક્ષણ લેખક માર્ક ટવાઈન એ કહ્યું છે કે ''સાચો મિત્ર એ છે જે તમે ખોટા હો તો પણ બધાની વચ્ચે તમારો પક્ષ લે. બાકી સાચા હો ત્યારે આખી દુનિયા તમારી પડખે આવી ઊભી રહેવાની છે.'' આ ઉકિતને સાચું પડતું આપણે મહાભારતમાં જોઈ શકીએ છીએ. દંભી, કપટી, દુર્યોધનને પિતરાઈભાઈઓ સામે લડવા તેનો મિત્ર કર્ણ અડીખમ સાથ આપે છે.

દોસ્ત મિત્ર સખા કે ભાઈબંધ કોઈપણ સંબોધનથી વ્યક્ત કરીએ મિત્ર આખરે તો મિત્ર રહેવાનો છે. મિત્ર આપણી તાકાત છે. જેની સાથે બંધન વગરનો ભાવ છે. સંબંધ વગરનો નાનો છે. એટલે એ ભાઈ બંધ છે. મિત્રતા માત્ર સરખી ઉંમરથી વ્યક્તિ સાથે જ થાય એ જરૂરી નથી એમાં વય, લિંગ, નાત-જાત કે ધર્મ ભેદ આડો આવતો નથી. માત્ર ભાવ, લાગણી અને સરખા વિચારના તંતુ એક સાથે જોડાય એ મિત્ર સંબંધ છે.

દાક્ષણિક વિચારક ચાણક્યના મતે જે દિવસે તમારો મિત્ર શત્રુ બને છે ત્યારે તે તમારો સૌથી મોટો શત્રુ બને છે. કારણકે તે જ એવો વ્યક્તિ છે જે તમારી નાનામાં નાની વાત અને રહસ્યો ને જાણે છે. સુખમાં ખભેખભા મેળવીને ચાલે અને દુઃખ સમયમાં દિલાસો આપવા પોતાનો ખભો આપે એ સાચો મિત્ર.

– જય જ્ઞાતિમૈયા

# સંજોગો સામે લડવાની સહિયારી જવાબદારી

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ (સેક્રેટરી જનરલ)

આજે એવું કોઈ ક્ષેત્ર બાકી નથી જ્યાં સ્ત્રીઓએ પોતાની સક્ષમતા સાબિત ન કરી હોય. પુરૂષ બાહુલ્ય ધરાવતા પ્રત્યેક ક્ષેત્રમાં, કાર્યમાં સ્ત્રીઓએ પગદંડો જમાવી પોતાની કાબેલિયત પુરવાર કરી છે. સ્ત્રી સ્વાવલંબન એટલે માત્ર એટલું નથી કે સ્ત્રી નોકરી, વ્યવસાય કરીને આર્થિક રીતે આગળ વધે. સ્ત્રી આજે વધુને વધુ શિક્ષણ મેળવી પુરૂષોની બરોબરી કરી છે. એથી આગળ વધીને કહીએ તો સ્ત્રીઓ વિવિધ વેપાર ઉદ્યોગ ક્ષેત્રમાં તેનો કારોબાર સિધ્ધત પણે ચલાવવા માટે ઉપકૃતપણે ડંકો બજાવ્યો છે. તો પણ હજી ક્યાંય કંઈક ખૂટે છે એવું લાગે છે.

આજે વિભક્ત થતા પરિવારો વધતા રહ્યાં છે. આને કારણે બહેનોએ સંયમ અને ધીરજ તથા મક્કમતાથી અણધાર્યા આવતા સંજોગોનો સામનો કરવા તૈયારી રાખવી પડશે. શિક્ષણથી જ્ઞાન મળે છે એ હકીકત છે. પણ એ જ્ઞાન સમજણ વ્યવહારમાં ચલણ થાય એ પણ જરૂરી છે. બદલાતા જતા સામાજિક તથા કૌટુંબિક મૂલ્યો અને બદલાતા જતાં રીત રિવાજોને જાણી સમજી આ સમયકાળમાં ઘરના અને બહારના કામો માટે પુરૂષોને મદદરૂપ થવું એ બહુ મોટી વાત છે.

ઘણા પરિવારોમાં બહારના કાર્યો જેવા કે સોસાયટીના બીલ, ઈલેક્ટ્રિકસીટી બીલ, કેબલ-ઈન્ટરનેટ કનેકશનના બીલ, બેંકના લેવડ દેવડના વ્યવહાર સંતાનોના શાળા, કોલેજ, ટ્યૂશન ક્લાસ વિગેરેના રીપોર્ટ, સંતાનોની અભ્યાસ પ્રગતિના રીપોર્ટ વિગેરે કાર્યો મહિલા વર્ગ સંભાળી પુરૂષોનો કાર્ય બોજો ઓછો કરી શકે છે. આર્થિક ઉપાર્જનની જવાબદારી પુરૂષો પર મોટે ભાગે હોય છે. તો દૂધ શાકભાજી કરિયાણા ખરીદી, ઈસ્ત્રીના કપડા, કામવાળી પાસે કામ કઢાવવાની જવાબદારી પત્નીની ઉપર હોય છે તે ઉપરાંત બેંકની સાથેના લેવડ દેવડ ફીક્સ ડિપોઝીટ રસીદની રીન્યુઅલ, એટીએમથી કેશ વિડ્રોઅલ વિગેરે જવાબદારી ભર્યા કામ પણ મહિલા પોતાની સૂઝ સમજ અને જ્ઞાનથી ખબૂબીથી સંભાળી શકે છે. આવા અસંખ્ય કામોનું લિસ્ટ બનાવી શકાય. જે પુરૂષો કરતાં સ્ત્રીઓ સારી રીતે, સમજપૂર્વક કરી શકે છે. રોજે રોજની શાકભાજી ફળોની ખરીદી પૂરી બજાર ફરીને ભાવતાલ કસીને પોતાની બાસ્કેટ ભરી શકે છે. આવી મહારત પુરૂષોમાં નથી હોતી.

આવા નાના મોટા કામ જે ખૂબ જ મહત્વના હોય છે. જે સ્ત્રીઓ સંભાળી લે તો પુરૂષોનો ઘણો બોજ હળવો થઈ જાય. આમ સ્ત્રી અર્થિક વ્યવહાર લેવડ દેવડને પણ જાણી શકે અને પોતાના જ્ઞાન સમજના ઉપયોગથી કુશળતાપૂર્વક વહન કરી શકે છે. સંસાર સાગર પાર કરવા બેઉ પાત્રનો સહિયારો સાથ હોય છે, જવાબદારી હોય છે. ના સાગર પાર કરી શકે છે. આજે સમય અને અને સંજોગોને કપરી પરિસ્થિતિ માથે પડે તો એકલે હાથે જીવન સાગરનો ઝંઝાવત પાર કરવા સ્ત્રી હોય કે પુરૂષ તૈયારી રાખવી જોઈએ.

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

Type of Account : Saving
Account Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West), Mumbai - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC00ARIHT

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of '**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**' (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# ડોંબિવલી સંઘમાં પ્રવજ્યા ગ્રહણ પ્રસંગે ૧૪ પાઠશાળાના બાળકો દ્વારા વિશેષ આયોજન





તા.૯ ફેબ્રુઆરી બુધવાર રાતે ૮ કલાકે શ્રી અચલગચ્છ જૈન સંઘ ડોંબિવલી આયોજિત 'બાલ મુમુક્ષુ મૌલિકુમારી રાજેશ મૈશેરી ગામ લાલાના પ્રવજ્યા ગ્રહણ પ્રસંગે સંઘની ૧૪ પાઠશાળાના બાળકો, બાળાઓ દ્વારા એક ફેન્ટાસ્ટિક કાર્યક્રમ રજૂ થયો. જે ઉપસ્થિત સૌને ગમ્યો હતો. ૨.૧૦ કલાકનો આ અફલાતૂન સાંસ્કૃતિક કાર્યક્રમ જાહેર સ્ટેજ ઉપર અદ્‌ભૂત રીતે રજૂ કર્યો હતો. જે યુટ્યૂબ https://www.youtube.com/watch?v=LsaRGoCkegg ઉપર ઉપલબ્ધ છે. જે ઘરબેઠા એકવારને ફરી ફરીવાર માણી શકાશે.



















## પાલારા જેલ પ્રવૃત્તિઓમાં મદદરૂપ થનાર પ્રબોધ હીરાચંદ મુનવરનું સન્માન કરાયું



ભુજ પાસે પાલારા કચ્છ મધ્યે આવેલ પાલારા ખાસ જેલની અંદર જેલ સુધારણા તથા જેલના બંદીવાનો માટે ઉમદા કાર્યો કરી પાલારા જેલની પ્રવૃત્તિઓમાં મદદરૂપ થનાર માનવ જ્યોત ભુજના પ્રબોધ મુનવરનું સન્માન અધિક પોલિસ મહાનિર્દેશક આઈ.પી.એસ.(જેલ અને સુધારાત્મક વહીવટ) ગુજરાત સરકારના વરદ હસ્તે કરાયેલ.

આ અવસરે પાલારા ખાસ જેલ અધિક્ષક રાજેન્દ્ર સિંહ રાવ, ભુજ બી ડિવિઝન પી.આઈ.ચૌધરી, સિવિલ સર્જન કશ્યપભાઈ બુચ, લીગલ સેલના પ્રવીર ધોળકિયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

## પ.પૂ.સાધ્વીશ્રી વિરતીગુણાશ્રીજી મ.સા. ૯ વર્ષ પછી વિહાર શરૂ કરશે



લગાતાર ૯ વર્ષથી સેમીકોમા જેવી અવસ્થામાં રહેલા પ.પૂ.સાધ્વીશ્રી પૂર્ણાનંદશ્રીજી મ.સા. ગત અઠવાડિ ૭૨ જિનાલય તીર્થે કાળધર્મ પામ્યા. તેમની વૈયાવચ્ચમાં સતત જાગૃત રહેનાર પ.પૂ.સાધ્વીશ્રી વિરતીગુણાશ્રીજી ૯ વર્ષ સુધી ૭૨ જિનાલયથી બહાર ગયા નથી. એક શિષ્યા તરીકે સંપૂર્ણ જવાબદારી નિભાવેલ હતી.

તા.૧૩ ફેબ્રુઆરી રવિવારથી પૂજ્ય મહારાજ સાહેબ ૭૨ જિનાલયથી વિવિધ ગામોમાં વિહાર કરશે. આ મહાત્મા જ્યારે આપના ગામે પધારે ત્યારે જરૂરથી તેમના દર્શન કરી તેમની વૈયાવચ્ચની અનુમોદના કરશોજી.

વિહાર કાર્યક્રમ મુજબ તા.૧૩, ૧૪ ફેબ્રુઆરી શિવમસ્તુ તા.૧૮,૨૦ ફેબ્રુઆરી ગોધરો, તા.૨૧,૨૨ અને ૨૩ ફેબ્રુઆરી ડોણ, તા.૨૪ થી ૨૮ ફેબ્રુઆરી શેરડી, તા.૧ થી ૩ માર્ચ ગઢશીશા અને તા.૪ થી તા.૧૦ માર્ચ દેવપુર.

## રાણપર નગરે ૨૦૨૩ની ધ્વજાના લાભાર્થી પરિવારો



રાણપર નગરે ૨૦૨૩ના વર્ષની ધ્વજાના રૂા.૧,૫૧,૦૦૦/-માં લાભ લીધેલ પરિવાર માતુશ્રી માનબાઈ દેવજી મોમાયા પરિવાર રાણપર, સંઘમાતા ધનલક્ષ્મીબેન ચંદ્રકાંત લોડાયા, વારાપધ્ધર-વાપી પરિવાર, ૨૦૨૩ના અષ્ટપ્રકારી પૂજા સામગ્રીના લાભાર્થી પરિવાર રૂા.૫૧,૦૦૦/-માં સંઘમાતા ધનલક્ષ્મીબેન ચંદ્રકાંત લોડાયા, વારાપધ્ધર-વાપી. વર્ષ ૨૦૨૪ના અષ્ટપ્રકારી પૂજા સામગ્રીના લાભાર્થી પરિવાર રૂા.૫૧,૦૦૦/- લેન દેન ડેવલોપર્સ, ભાવનાબેન મુકેશ મોતા નલિયા સંઘ ટ્રસ્ટ તરફથી લાભાર્થીઓની અનુમોદના કરાઈ હતી.


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

## કચ્છના બાયઠ તીર્થના જિનાલયનો ધ્વજા મહોત્સવ સંપન્ન





કચ્છ પ્રદેશના માંડવી તાલુકાના બાયઠ તીર્થના જિનાલયનો ધ્વજા મહોત્સવ પ.પૂ.સાધ્વી શ્રી ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી અનંતયશાશ્રીજી મ.સા. આદિ ઠાણાની પાવન નિશ્રામાં રંગચંગે ભાવથી ઉજવાયો. શ્રાવક શ્રાવિકાઓના ઉત્સાહભર્યા સહભાગથી વિવિધ ધર્મ આરાધનાઓ થઈ હતી.

## જ્ઞાન વિથ ગુરૂદેવનો ૧૪મો એપિસોડ દૈનિક કાર્યમાં કર્મ બંધન વિષે સવાલ જવાબ

હમારે સવાલ ગુરૂદેવ કે જવાબ શ્રેણી અંતર્ગત જ્ઞાન વિથ ગુરૂદેવ સાથે ચર્ચાનો ૧૪મો એપિસોડ ૭.૪૫ મિનિટનો શ્રી ક.દ.ઓ.જ્ઞાતિ મહાજન મુંબઈ અને શ્રી ક.દ.ઓ.જૈન સંઘ મુંબઈના સંયુક્ત ઉપક્રમે રીલિઝ કરાયો છે. જેમાં વૈભવ મનોજ લોડાયા ઓજસ્વી યુવા પ્રવચનકાર પ.પૂ.શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા. સાથે દૈનિક કાર્યમાં કર્મ બંધન વિષેના સવાલ જવાબ દ્વારા જ્ઞાન માહિતી મેળવી છે.

રસપ્રદ ચર્ચા વિષયનો વીડિયો યુટ્યૂબ લિંક https://youtu.be/t_QbfNE9aXo ઉપર જોઈ માણી શકાશે. જે સૌ માટે રસપ્રદ બની રહેશે.

## ૭૨ જિનાલય તીર્થે પૂજ્ય મહારાજ સાહેબોની ત્રણ દિવસ સ્થિરતા રહેશે

ગત અઠવાડિયે કચ્છ ભુજમાં કાળધર્મ પામેલ પ.પૂ.સાધ્વીશ્રી ગુણાશ્રીજી મ.સા.ના પરિવારના પ.પૂ.સાધ્વીશ્રી શીલગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી કલ્પગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી જૈનમ ગુણાશ્રીજી મ.સા. અને પ.પૂ. સાધ્વીશ્રી શાશ્વતગુણાશ્રીજી મ.સા. તા.૧૧ ફેબ્રુઆરી શુક્રવારના પધારયા. અત્રે પૂજ્ય સાહેબોની ત્રણ દિવસની સ્થિરતા હશે અને ત્યારબાદ ગોધરા પધારશે. દર્શન વંદનનો લાભ લેવા વિનંતી.

## પ.પૂ.સાધ્વીશ્રી જિનગુણાશ્રીજી મ.સા.ના સંયમ જીવનના ૩૫મા વર્ષમાં પગરણ



ગામ જખૌના માતુશ્રી કાન્તાબાઈ જીવરાજ મૈશેરીના પુત્ર મહાસુદ ૧૦ વિ.સંવત ૨૦૪૪ના પાલીતાણા તીર્થે પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના હાથે દીક્ષા ગ્રહણ કરી પ.પૂ.સાધ્વીશ્રી જિનગુણાશ્રીજી મ.સા.ના નામે ઓળખ પામ્યા. ગુરૂનામ પ.પૂ.સાધ્વીશ્રી રતનશ્રીજી મ.સા.

પૂજ્ય સાહેબ તા.૧૧ ફેબ્રુઆરી શુક્રવારના મહાસુદ ૧૦ વિક્રમ સંવત ૨૦૭૮ના દિને ૩૪ વર્ષન સંયમ જીવનને પાર કરી ૩૫મા વર્ષમાં પ્રવેશ કરેલ છે. જેનો સૌને હરખ છે. તેઓશ્રીનો સંયમ સાધના કાળ અખંડ સુખ શાંતા પૂર્ણ રહે એ કામના સહ વંદના.

# યુએસએમાં જૈન ધર્મનો અભ્યાસ કરાવતા અધ્યાપક જયેશ કુલીનકાંત ખોના કેરાલામાં ગૌશાળા શરૂ કરી



અમેરિકામાં વસતા અને અમેરિકી વિદ્યાર્થીઓને જૈન ધર્મનો અભ્યાસ કરતા એક કચ્છી જૈન અધ્યાપકે કેરાલામાં ગાયોને બચાવવા ગૌશાળા શરૂ કરનાર છે. તેના માટે જૈન ટ્રસ્ટ રચ્યું છે, જેમાં ૩ કચ્છી જૈનોને સમાવેશ થાય છે.

મૂળ કચ્છ નલિયાના વતની અને સાન્ફાન્સિસકોમાં અમેરિકી વિદ્યાર્થીઓને છેલ્લા ૨૦ વર્ષથી જૈન ધર્મનો અભ્યાસ કરાવતા જયેશ ખોનાએ જૈન ધર્મમાં પીએચડી કર્યું છે. જૈન ધર્મને આખું જીવન સમર્પણ કરી દીધું છે. કુલ ૩૨ વર્ષથી વિદ્યાર્થીઓને ભણાવે છે. અત્યાર સુધી ૪,૪૦૦ વિદ્યાર્થી તેમની પાસે ભણ્યા છે.

જયેશ ખોનાએ ગૌશાળાના પ્રોજેક્ટ વિષે માહિતી આપતા જણાવ્યું કે, કોચીન પાસેના ગિયુર ગામમાં એક દક્ષિણ ભારતીય મહિલા કલ્યાણી મેનન ૪૫ ગાયો સંભાળે છે, પણ તેની પાસે તમામ મૂડી ખતમ થઈ જતાં મુશ્કેલીમાં મૂકાઈ ગઈ હતી. આ વાતની ખબર પડતાં મેં તેને હિંમત આપી અને બધી ગાયોની જવાબદારી ઉપાડી લીધી. આ માટે અમેરિકામાં પરિચિતોને ટેલિફોન પર જાણ કરતાં એક મહિનામાં ૨૦ થી ૨૨ લાખ રૂા. ભેગા થઈ ગયા હતા.

જયેશભાઈએ કહ્યું, 'જૈન ટ્રસ્ટ બનાવ્યું છે તેમાં કોચીનમાં વસતા મારાબેન નમ્રતા ખોના અને મનિષ લોડાયા સહિત છ જણને ટ્રસ્ટી નિમ્યા છે. ભારતના કાયદાપ્રમાણે અમેરિકાથી ભેગા કરેલા પૈસા એક સાથે ભારતીયના ખાતામાં ૩ વર્ષ પહેલા ટ્રાન્સફર કરી શકાય નહિ. પણ ઘાસ ખરીધું હોય તેને ચૂકવી શકાય. ભેગા કરેલો રૂપિયા ગાયોને એક વર્ષ માટે ઘાસ માટે ઉપયોગમાં લેવાશે.'

ગૌશાળામાં દેશી ગાયો રાખવી છે. આગળ જતાં પાંચ વરસના ગાળામાં વેલનેસ સેન્ટર, આયુર્વેદિક સેન્ટર, દેરાસર, ગાયો માટે હોસ્પિટલ ગાયનું મ્યુઝિયમ વગેરે ઊભા કરવા છે. ૨૦૨૫માં ગૌપ્રેમીઓનું સંમેલન યોજવાની ઈચ્છા છે. શનિવારે, વસંત પંચમીના દિને ચલો નિર્વાણ ગૌશાળાનું ઉદ્ઘાટન કરાયું.

હાલમાં ગૌશાળાનું મકાન ભાડા પર છે. કલ્યાણી મેનન અને તેના પતિ ગલ્ફમાં હતા. ત્યાંથી પાછા આવ્યા પછી કલ્યાણીબેને એક ગાયથી શરૂઆત કરી હતી. હાલમાં ૪૫ ગાય છે. પણ તેની બેન્ક બેલેંસ પૂરું થઈ ગયું છતાં ગાયોને છોડી નહિ. નહિંતર કતલખાને જાત. પછી પતિએ કહ્યુ કાં મને રાખ યા ગાયોને સંભાળ. તેણે ગાયોને મૂકી દેવાનો ઈન્કાર કર્યો એટલે પતિ પાછા ગલ્ફમાં જોબ માટે ચાલ્યા ગયા છે.

જયેશ ખોનાએ કહ્યું કે, કેરાલામાં એક નોન જૈન મહિલા ગૌશાળા સંભાળે છે એટલે તેને સહયોગ આપવો જ જોઈએ. આ વિચારથી મેં બીડું ઉઠાવ્યું છે. મને ભારતના લોકોનો સહયોગ મળશે તો મારો પ્રોજેક્ટ બહુ ઝડપથી પૂરો થઈ શકે તેમ છે.

---

# વંદે જિન શાસનમ્ શિર્ષક અંતર્ગત કાર્યક્રમ ડોંબિવલી સંઘમાં પ્રવજ્યા ગ્રહણ મહોત્સવે રાઈઝીંગ સ્ટાર પાઠશાળાના બાળકો દ્વારા રજૂ થયો

શ્રી અચલગચ્છ જૈન સંઘ ડોંબિવલીમાં બાલ મુમુક્ષુ કુમારી મૌલિ રાજેશ મૈશેરી ગામ લાલાના પ્રવજ્યા મહોત્સવ પ્રસંગે તા.૧૧ ફેબ્રુઆરી શુક્રવારના સાંજે ૮ કલાકે રાઈઝીંગ સ્ટાર પાઠશાળાના બાળકો બાલિકાઓ દ્વારા વંદે જિન શાસનમ્ શિર્ષકથી સાંસ્કૃતિક સુપર ડુપર કાર્યક્રમ ભવ્ય રીતે રજૂ કર્યો હતો. ૨.૧૩ કલાકનો યુટ્યૂબ વીડિયો લિંક https://youtu.be/etuwlihGZY8 ઉપર માણી શકાશે.

# પ.પૂ.સા.શ્રી અશોક વૃક્ષગુણાશ્રીજી મહારાજ સાહેબની વડી દીક્ષા થઈને નૂતન દીક્ષાર્થીનું નામકરણ થયું





તા.૧૦ ફેબ્રુઆરી ગુરૂવારના રોજ શંખેશ્વર તીર્થે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરજી મ.સા.ની પરમ નિશ્રામાં પ.પૂ.સાધ્વીશ્રી અશોક વૃક્ષગુણાશ્રીજી મ.સા.ની વડી દીક્ષા થઈ. સાથે જ નૂતન દીક્ષાર્થી નીલમબેનની દીક્ષાથી એમાં નૂત્તન દીક્ષાર્થી નીલમ બેનનું નામકરણ પ.પૂ.સાધ્વીશ્રી નેમીગુણાશ્રીજી મ.સા. થયેલ છે.

---

# કચ્છ અબડાસાના સુજાપરના શ્રી અજિતનાથ સ્વામિ જિનાલયનો ૧૪૦મો ધ્વજારોહણ ભવ્યતાથી સંપન્ન થયો




કચ્છ પ્રદેશના અબડાસા પંથકના સુજાપુર નગરના શ્રી અજિનાથ સ્વામી જિનાલયની ૧૪૦મી ધ્વજા મહોત્સવ પ્રસંગે પ.પૂ.મુનિરાજશ્રી મુક્તિરત્નસાગરજી મહારાજ સાહેબની પરમ નિશ્રામાં વિવિધ ધર્મ આરાધનાઓ સાથે ભવ્ય રીતે સંપન્ન થયો હતો.



# વુમન્સ-ડે (મહિલા દિન)

## ૮ માર્ચ એટલે વિશ્વ મહિલા દિવસ

ચાલો આપણી જ્ઞાતિની મહિલાઓના સન્માન નિમિત્તે આપના પરિસરમાં રહેતી કે.ડી.ઓ. મહિલાઓ જેમણે નેશનલ અથવા ઈન્ટરનેશનલ લેવલ પર કોઈ સારુ કાર્ય કર્યું હોય તો તેઓ ૨ ફોટા સાથે ૩૦૦ શબ્દોમાં વિગત લખીને અમને ઈમેલ કરો. જે અમે જ્ઞાતિમૈયા માં નિઃશુલ્ક એક સંભારણા સ્વરૂપે પ્રકાશિત કરશું.




**ફોટા સાથે વિગત મોકલવાની છેલ્લી તારીખ ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૨ રહેશે**

**આ વિશેષ અંકમાં આપની જાહેરાત આપો**

**કલર ફુલ પેજ રૂ.૧૦૦૦/-**

Manisha Lalka - 9820545734

Varsha Lodaya - 8850486781

Email : gyatimaiya2018@gmail.com

# લગ્નસંબંધી



શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈની સગપણ સેતુ વિભાગને પ્રોત્સાહન આપવા માટે તથા જ્ઞાતિના લગ્નોત્સુક યુવક-યુવતીઓને યોગ્ય પાત્ર મળી રહે એ ઉદ્દેશથી આ કોલમ શરૂ કરેલ છે. જે આપને યોગ્ય નિર્ણય લેવા માટે મદદરૂપ થશે. અગર જો આપની ઈચ્છા હોય તો નીચે આપેલા ફોર્મ ભરવાની કૃપા કરશો. જે અમે યોગ્ય સમય નિઃશુલ્ક પ્રકાશિત કરશું.

**વધુ વિગત માટે સંપર્ક :**
**અલકા ભેદા-૯૮૨૧૧૭૯૭૯૬, જીનાલી લોડાયા-૯૮૯૨૧૮૯૦૮૫,**
**મનીષા લાલકા-૯૮૨૦૫૪૫૭૩૪.**

**ફોર્મ ભરવા માટે અહીં ક્લીક કરો**



**Name : Jatin Pratap Dharamshi**

**Vastipatrk No.: JKDH0400103**

**Date of Birth : 15th Sept. 1986**

**Birth Time : 9:16 am**

**Height : 5’5”**

**Weight : 61 KGS**

**Manglik : No**

**Present Stay : Dombivli**

**Birth Place : Dombivli**

**Qualification : MBA Finance**

**Native Place : Jakhau**

**Occupation : Self employed**

**Blood Group : B+ve**

**E-Mail : jatin.p.shah@gmail.com**

**Contact : 9920434384**

**Parent's Contact : 7021382077**

**Gyatimaiya KDO Mahajan Code No. SM B/5**



**Name : Paras Pankaj Gosar**

**Vastipatrk No.: GEGS0500203**

**Date of Birth : 21st January 1987**

**Birth Time : 12:33 pm**

**Height : 5’7”**

**Weight : 60 KGS**

**Manglik : Yes**

**Present Stay : Mulund**

**Birth Place : Jalgaon**

**Other Details : Subbroker of Angel Broking**

**Qualification : B. Com**

**Native Place : Goresama**

**Occupation : Business**

**Blood Group : B+**

**E-Mail : parasgosar@gmail.com**

**Contact : 98332015**

**Parent's Contact : 9930321125**

**Gyatimaiya KDO Mahajan Code No. SM B/5**

નોંધ : જે પાત્રો સગપણ સંબંધે જોડાય તેઓ અમને જાણ કરે જેથી અમે અમારા રેકોર્ડમાં સુધારો કરી શકીએ.

# શ્રી ક.દ.ઓ. જૈન સમસ્ત મહાજનની બીદુબી કમિટીના સહયોગથી નવી પહેલ

કોરાનાના લાંબા કપરા કાળની અસર સૌના ધંધા, રોજગાર પર પડી છે. જેને લીધે અનેક પરિવારોને આર્થિક, સામાજિક અસરો થઈ છે. આ સમસ્યાને ધ્યાનમાં લઈને જ્ઞાતિમૈયા સમસ્ત મહાજનની બીદુબી કમિટીના સહયોગથી વ્યવાસિકોને નોકરી ખાલી છે એ જરૂરત પૂરી કરવા અને યોગ્ય ધરાવતા જ્ઞાતિજનોને નોકરી જોઈએ છે એ માટે તક મળી રહે એ માટે બીડું ઝડપી તક પૂરી પાડશે.

તો આ વિભાગનો લાભ મળી રહે એ માટે આપની જરૂરિયાતની વિગત મોકલશો જે આ વિભાગ અંતર્ગત લિંકમાં એટેચડ કરાશે.

**જેમની કંપનીમાં નોકરી ખાલી છે તે લોકો અહીં ક્લીક કરીને આ ફોર્મ ભરે**

**નોકરીની જરૂરિયાત વાળા વ્યક્તિ ક્લીક કરીને આ ફોર્મ ભરે**

# ગુજરાતી ગૌરવ ગિરનાર એવોર્ડ ૨૦૨૨ માટે ઉદ્યોગ રત્ન તરીકેનો એવોર્ડ હરીશ ધરમશીને પ્રદાન કરાયો



બૃહદ ગુજરાતી સમાજ આયોજિત ૩૭મો ગુજરાતી ગૌરવ અને ગિરનાર એવોર્ડ ૨૦૨૨ માટેના વિવિધ કેટેગરી માટેના માનાર્થીના નામ જાહેર કરાયા છે. જેમાં ઉદ્યોગરત્ન એવોર્ડ જ્ઞાતિના ઉદ્યોગપતિ અને એચ.ડી.ફાયર પ્રોટેક્ટ પ્રા. લિમિટેડના ડિરેક્ટર હરીશભાઈ ધરમશીને અપાશે. તા.૧૨ ફેબ્રુઆરી શનિવારે સાંજે ૬ કલાકે યોગી સભાગૃહ, દાદર (ઈસ્ટ) ખાતે બોમ્બે સ્ટોક એક્ષચેંજના સીઈઓ આશિષકુમાર ચૌહાણના વિશેષ અતિથિ પદે યોજાયેલ સમારોહમાં વિવિધ કેટેગરીમાં કુલ ૧૯ ગુજરાતી મહાનુભાવોને આ એવોર્ડ અપાશે.

છેલ્લાં ત્રણ દાયકાથી એચ.ડી.ફાયર પ્રોટેક્ટ વિવિધ રેન્જમાં વર્લ્ડ ક્લાસ ફાયર ફાઈટિંગ ઈક્વિટમેન્ટ અને સિસ્ટમનું મેન્યુફેચરિંગ કરે છે. જે દેશ ઉપરાંત ૭૫ જેટલા વિદેશ દેશોમાં એક્ષ્પોર્ટ કરે છે. ત્રણ-ચાર વર્ષ અગાઉ ભારતના પ્રથમ ચંદ્રયાન મિશનમાં પણ તેમની કંપનીનો મહત્વનો યોગદાન રહ્યું હતું.

આ એવોર્ડ માન મેળવા માટે હરીશભાઈ ધરમશીને હાર્દિક અભિનંદન.

## કચ્છના તેરા તીર્થે શામળીયા તથા જીરાવલા દાદાનો ધજા મહોત્સવ યોજાયો







કચ્છ પ્રાંતના અબડાસા પંથકના ઐતિહાસિક તીર્થ તેરા નગરમાં શામળીયા તથા જીરાવલ્લા દાદાની ધજાનો મહોત્સવ પ.પૂ.સાધ્વીશ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા.ની નિશ્રામાં ઉત્સાહ આનંદ અને ધર્મભાવની સાથે સંપન્ન થયો. આ પ્રસંગે ધર્મ આરાધનાઓ થઈ હતી જેનો લાભ ઉપસ્થિત સંઘના, શ્રાવક-શ્રાવિકોએ ધર્મ ભાવ સાથે લીધો હતો.




# શંખેશ્વર તીર્થે દીક્ષાર્થી મુમુક્ષુ નીલમબેનના વર્ષીદાનનો વરઘોડો નીકળ્યો





તા.૯ ફેબ્રુઆરી બુધવારના શંખેશ્વર તીર્થે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં મુમુક્ષુ નીલમબેનના વર્ષીદાનનો વરઘોડો નીકળ્યો હતો. ઉપસ્થિત સૌ દીક્ષાર્થી અમર રહો. 'દીક્ષાર્થીનો જય જયકાર'ના ગગનભેદી નારા જગાવી ઉત્સાહ ભાવ દર્શાવ્યો હતો.

# ગુણોદય પુરમ મધે દિક્ષાર્થી કિંજલબેનના કપડા રંગવાનું છાબ ભરવાનો કાર્યક્રમ થયો





તા.૫ ફેબ્રુઆરી શનિવારના દિને પાલીતાણા તીર્થના ગુણોદયપુરમમાં પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.ની શુભ નિશ્રામાં દિક્ષાર્થી કિંજલબેનના દિક્ષા મહોત્સવના પ્રથમ દિવસે ભક્તિમય વાતાવરણમાં કપડા રંગવાનું અને છાબ ભરવાનું કાર્યક્રમ ભવ્યતાથી સમાપન થયો.



# ૭૨ જિનાલય તીર્થે નવપદની શાશ્વતી ઓળીની આરાધના મહોત્સવ મુલત્વી રખાયો

શંત્રુજ્ય અવતાર ૭૨ જિનાલય તીર્થની પાવન ભૂમિ પર તા.૮ એપ્રિલ થી ૧૭ એપ્રિલ ૨૦૨૨ સુધી નિર્ધારીત કરાયેલ નવ પદની શાશ્વતી ઓળીની આરાધનાનો મહોત્સવ મુલત્વી રાખેલ છે. એવી શ્રી નવપદ આરાધના ઉત્સવ સમિતિ તથા લાભાર્થી પરિવાર 'ગીતા સ્મૃતિ' માતુશ્રી હીરાકુંવર નાનજી ચાંપશી શાહ પરિવાર, ખ્યાતિનમ ફાઉન્ડેશન (મેરાઉ, ગાંધીધામ, વડોદરા, વાંદરા) હસ્તે ખુશ વિઆન દ્વારા સકળ સંઘને ક્ષમા યાચના મિચ્છામિ દુક્કડમ સાથે જાણી કરી છે.

# માંડવી કચ્છના શ્રી અજીતનાથજી જિનાલયના
# ૧૪૧ વર્ષગાંઠના અવસરે ધ્વજા મહોત્સવ રંગેચંગે સંપન્ન થયો






કચ્છ પ્રદેશ વિભાગના બંદરીય શહેર માંડવીના બંદર રોડ સ્થિત શ્રી અજીતનાથજી જિનાલયની ૧૪૧મી વર્ષગાંઠના ઉપલક્ષમાં ૧૮ અભિષેક સહધર્મ આરાધનો સાથે ધ્વજા મહોત્સવ રંગ આનંદભેર ઉજવાયો. દીક્ષાર્થી મુમુક્ષુ કરિશ્માબેનનું ભાવપૂર્વક બહુમાન પ.પૂ.સાધ્વીશ્રી ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા. આદિ ઠાણાની પાવન નિશ્રામાં વિધિકાર સુરેશભાઈ સોની બાંભડાઈવાળા અને સાથીઓ સંગાથે તિલકભાઈ ડાઘા દ્વારા વ્યવસ્થાઓ સાથે કરાયેલ.




આ ઐતિહાસિક જિનાલયની પ્રતિષ્ઠા શેઠશ્રી ઠાકરશી વેરશી પાસવીર (પીર) લોડાયા સુથરીવાળાએ મહાસુદ પાંચમ તા.૩ ફેબ્રુઆરી ૧૮૮૧ના દિને કરેલ. આ શુભ પ્રસંગે પ.પૂ.આ.ભ.શ્રી વિવેકસાગરસૂરીશ્વરજી મ.સા.ની શુભનિશ્રા મળી હતી.

ધજા મહોત્સવના રંગમંડપના દાતા માતુશ્રી ચંદનબેન ધનજીભાઈ પાસવીર મૈશેરી માંડવી હાલે ઘાટકોપર હસ્તે હિતેશભાઈ ધનજી અને બપોરની સાધર્મિક ભક્તિના દાતા માતુશ્રી હિરબાઈ પુનશી મૈશેરી પરિવાર ગામ માંડવી.




# ચોપડા સંઘમાં મુનિ સુવ્રત સ્વામી જિનાલયનો ૧૬ મો ધ્વજા મહોત્સવ ભવ્યતાથી સંપન્ન થયો

મહારાષ્ટ્ર રાજ્યના ચોપડા સંઘમાં મુનિસુવ્રત સ્વામી જિનાલયનો ૧૬મો ધ્વજા મહોત્સવ તા.૫ ફેબ્રુઆરી શનિવારના પ.પૂ.સાધ્વીશ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.ની નિશ્રામાં વિધિકાર પ્રવીણ સાવલાના સથવારે ભવ્યતાથી થયો. આ અવસરે વિવિધ ધર્મ આરાધના થઈ. ઉપસ્થિત સૌ ભાવિક ભાઈ બહેનો ધન્ય લાભ પામ્યા હતા.







# શાંતમૂર્તિ સ્વાધ્યાયપ્રેમી પ.પૂ.સા.શ્રી પૂર્ણાનંદશ્રીજી મહારાજ સાહેબ ૭૨ જિનાલય તીર્થે કાળધર્મ પામ્યા





અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ના આજ્ઞાવર્તીની યોગનિષ્ઠા પ.પૂ.સા.શ્રી ગુણોદયશ્રીજી મ.સા.ના શિષ્યા શાંતમૂર્તિ સ્વાધ્યાયપ્રેમી પ.પૂ.સાધ્વીશ્રી પૂર્ણાનંદશ્રીજી મ.સા. ૬૩ વર્ષનું દીર્ઘ સંયમ જીવનનું પાલન કરી ૧૬ ઉપવાસે ૮૭ વર્ષની વયે તા.૬ ફેબ્રુઆરી રવિવાર સાંજના ૭.૩૦ કલાકે નમસ્કાર મહામંત્રના જાપ કરતાં શ્રી ૭૨ જિનાલય મહાતીર્થ મધ્યે કાળધર્મ પામ્યા.

પૂજ્ય સાહેબના નશ્વર દેહનો અગ્નિ સંસ્કાર ૭૨ જિનાલય પરિસરમાં કરાયો ત્યારે શ્રાવક-શ્રાવિકાઓએ બહોળી સંખ્યામાં સજળ નયને જય જય નંદ જય જય ભદ્રાના નારા ઘોષ ગજાવ્યા હતા. પૂજ્યશ્રીના આત્મશ્રેયાર્થે સૌએ ૧૨ નવકાર મહામંત્રનો જાપ કરવો.

# કર્ણાટક રાજ્યમાં વિહાર કરતાં સાધુ ભગવંતો માટે સ્કૂલ બિલ્ડીંગોમાં સ્થિરતા વાસ માટે મંજૂરી પ્રદાન કરાઈ



અખિલ કર્ણાટક જૈન (માઈનોરીટી) ચેરિટેબલ ટ્રસ્ટએ કર્ણાટક રાજ્ય સરકાર પાસે વિનંતી કરી હતી કે વિહાર કરતાં સાધુ ભગવંતોને ટૂંકા સ્થિરતા વાસ શાળાકીય બિલ્ડીંગોમાં કરવા મંજૂરી આપે. જેના પ્રતિસાદમાં તા.૨૭ જાન્યુ.ના પત્ર KSMC/ચેરમેન/૨૦૨૧-૨૨/૨૫ દ્વારા કર્ણાટક સ્ટેટ માઈનોરિટી કમિશનના ચેરમેન અબ્દુલ અઝિમએ પ્રાઈમરી અને સેકેન્ડરી એજ્યુકેશન ડિરેક્ટરને પત્ર દ્વારા ધર્મ કાજે પદયાત્રા વિહાર કરતાં સાધુ ભગવંતોને સ્કુલ પ્રિમાઈસી ટૂંકા સમય માટે સ્થિરતા વાસ કરવા ઉપલબ્ધ કરાવે. આ માટે રાજ્ય સરકારની મંજૂરી અપાઈ છે.

## વસઈ સંઘમાં અચલગચ્છાધિપતિ શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સાની ૧૦૯મી જન્મજયંતિની ઉજવણી

તા.૨ ફેબ્રુઆરી શુક્રવારના શ્રી વિમલનાથ દરબારે વસઈ નગર સંઘમાં અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ની ૧૦૯મી જન્મ જયંતિ નિમિત્તે પ.પૂ.ગણિવર્ય શ્રી ઉદયરત્નસાગરજી મ.સા., પ.પૂ.ગણિવર્ય શ્રી ધર્મરત્નસાગરજી મ.સા.ની નિશ્રામાં ભવ્ય રીતે ઉજવણી કરાઈ.

## દિક્ષાર્થી કિંજલબેનના દિક્ષા મહોત્સવમાં વરસીદાનની શોભાયાત્રા





તા.૬ ફેબ્રુઆરી રવિવારના દિને પાલીતાણાના ગુણોદયપુરમમાં પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા.ની શુભા નિશ્રામાં દિક્ષાર્થી મુમુક્ષુ કિંજલબેનના દિક્ષા મહોત્સવમાં વરસીદાનની શોભાયાત્રા ભવ્યતાથી થઈ.

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**


**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● કચ્છના પ્રવેશ દ્વાર સામખિયાળી ખાતે રાષ્ટ્રીય ધોરી માર્ગ નજીક વિશાળ ફલકમાં રાજ્ય સરકારની ૫૦ ટકા સબસિડી યોજના સાથે ક્રિષ્ના ઈન્ડસ્ટ્રીયલ પાર્કનો પ્રકલ્પ હાથ ધરાયો છે. જે અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ ૬૫૦ સ્કેવર ફૂટના ગોદામ બનાવાશે. નીચેના માળે ૩૭ અને પ્રથમ માળે ૩૭ ગોદામ મળી ૭૪ ગોદામનું નિર્માણ કરાશે. આ પ્રકલ્પથી મધ્યમ કદના એકમોને વિકસવાની સારી તક મળશે. તાજેતરમાં પૂર્વ કચ્છમાં આડેસર નજીક કચ્છની પ્રથમ ખાનગી એ.પી.એમ.સી. પણ કાર્યરત થઈ છે ત્યારે ખાનગી રાહે સરકારી સહાય સાથેનો આ પ્રકલ્પ નાના એકમોને વધુ ઉત્તેજન પૂરું પાડશે એવો આશાવાદ કરાઈ રહ્યો છે.

● કચ્છ મોરબીના સાંસદ વિનોદ ચાવડાએ જિલ્લાને અન્ય પ્રાંતો સાથે સાંકળતી વિમાની સેવાનું વિસ્તરણ કરવા તેમજ ઔદ્યોગિક એરપોર્ટ બનાવવા ઉડ્યન મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયા સમક્ષ માંગ કરી છે. હાલે ભુજ અને કંડલામાં એરપોર્ટની સુવિધા છે. જેમાં અમદાવાદ, મુંબઈ દિલ્હી તેમજ અન્ય પ્રાંત સાથે વિમાની સેવા વધારવા તેમજ સિરામિક, સેનિટેશન, ઘડિયાળ, હીરા તેમજ નળિયા જેવા ઉદ્યોગના હબ ગણતા મોરબીમાં એરપોર્ટની સુવિધા નથી ત્યાં નવું અદ્યતન એરપોર્ટ બનાવી કચ્છ-મોરબી જિલ્લાના પ્રવાસનને વિકસાવવા રજૂઆત કરી હતી.

● માંડવી તાલુકાના કાઠડા ગામમાં ગ્રામ પંચાયતની ચૂંટણીમાં સોનલબેન ભારમલ ગઢવી સરપંચ પદે વિજેતા થતા સમગ્ર ગામે સાંજે સંધ્યા સમયે મુખ્ય ચોક ખાતે આવળ માઁની આરતી યોજી હતી. ગૌ સેવા પ્રવૃત્તિ સાથે જોડાયેલા ભારમલ ગઢવીના પત્ની સોનલબેનના વિજયની વધામણીની ખુશીમાં ગૌ સેવાર્થે રૂા.૧.૨૬ લાખનો ફાળો ગામ લોકો દ્વારા અપાયું હતું.

● જ્યાં ગુરૂનાનક દેવના પગલા પડ્યા છે એ ગુજરાતની ઐતિહાસિક ભૂમિ લખપતમાં આવેલ ઐતિહાસિક ગુરૂદ્વારાને વિશ્વ કક્ષાના યાત્રાધામ તરીકે વિકસાવવાની સાથે પ્રવાસન વિભાગ તરફથી રૂા.પાંચ કરોડની રકમ ફાળવાઈ છે. કોમી એખલાસના તીર્થ ગુરૂ દ્વારા લખપત સાહિબને સ્ટેટ પ્રોટેક્ટ મોન્યુમેન્ટ જાહેર કરાયું છે.

● ભુજથી નાગર જ્ઞાતિના પચાસેક વ્યક્તિઓ તાજેતરમાં જમ્મુ કાશ્મીર વૈશ્નવદેવીના પ્રવાસે ગઈ હતી ત્યારે તમામ યાત્રિકોએ કોરોનાની રસીના બન્ને ડોઝ લીધા હોવા છતાં ફરજિયાત કોરોના ટેસ્ટ માટે આગ્રહ રખાયો હતો. કટરા શ્રીનગર દરમ્યાન માર્ગમાં આવતી નવ કિલો મીટર લાંબી ચનૈતી ટનેલ પ્રવેશ પહેલા કોરાના રસીના બન્ને ડોઝ લીધા હોવાનું કાયદેસર પ્રમાણ પત્ર બતાવ્યા છતાં ફરજપરના કર્મીઓએ આ પ્રમાણ પત્ર જોવાનો ધરાર ઈન્કાર કરી કોરોના ટેસ્ટ પછી જ જવાનો આગ્રહ રાખ્યો હતો. જેમાં બે કલાકનો સમય બરબાદ થયો હતો. વાત આટલેથી ન અટકતા ટનલ પસાર કર્યા પછી આગળ આવતી ૧૩ કિલોમીટર લાંબી ટનલના આરંભે ફરી તમામનો કોરોના ટેસ્ટ કરવાનો આગ્રહ આરોગ્ય ટુકડી દ્વારા કરાયો હતો. આગળ ટનલ પહેલાં સૌની કોરોના ટેસ્ટ થઈ છે એ સમજાવતા ટેસ્ટ ભલે નહીં પણ દરેક યાત્રિકની નોંધણી અને વિગત માટે રીતસરની જીદ રખાઈ હતી.

● મણિ નગર સ્વામિનારાયણ ગાદી સંસ્થાન દ્વારા ત્રણ કરોડ રૂપિયા જેટલી માતબર દાનથી એક ઓક્સિજન પ્લાન્ટ ભુજની એમ.પી.જે.હોસ્પિટલમાં ૨૪ કલાકમાં ૨૦૦ મેગા સિલિન્ડર ઉત્પાદન કરતું શરૂ કરાયું છે. જે કોરોનાના હાલે વધતા પ્રભાવ સામે સંજીવની સાબિત થશે.

# ઉદાર હાથે સહાય કરો
# અને જ્ઞાતિસેવાનો લાભ લો

KDO JAIN GLOBAL CARD

KDO Swaroj The taste of tradition

KDO BUSINESS

KDO SANJIVANI

**80G સર્ટિફીકેટ**

**C.S.R.**

CORPORATE SOCIAL RESPONSIBILITY

KDO દિવ્યાંગ

स्वाभिमान

AAWAAS

KDO UDAAN

**For NEFT Transfer**

| | | |
|---|---|---|
| Type of Account | : | Saving |
| ccount Number | : | 002001005497 |
| Name of the Bank | : | Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : | Mulund (West) Mumbal - 400 080. |
| Name Account | : | Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | | |
| Our IFSC Code | : | ICIC00ARIHT |

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન



DON'T
Compromise!
"HEALTH INSURANCE"
Portability Benefits Available
COMPARE, SCRUTINIZE & DECIDE
karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA